# દાઉદ તેના દુષ્ટ શત્રુઓને માફ કરે છે.

બાળકોની ઉંમર અને જરૂરિયાત પ્રમાણે પ્રવૃત્તિઓ પસંદ કરો તમે ચાહો તે ક્રમમા તે કરો.

**પ્રાર્થના :** "વહાલા પ્રભુ, અમને પ્રેમમાં અને પવિત્રાઈમાં ભરપુર તમારા જેવા. પવિત્ર કરવા ઈચ્છો છો. તમારા પવિત્ર આત્માની શક્તિથી દાઉદનો દાખલો લઈ તમે જે પ્રકારના વ્યક્તિઓ અમને બનાવવા માંગ્યો છે તે શીખવા અમને મદદ કરો. અમારા પાપો માફ કરો અને જેમ દાઉદે કર્યું તેમ બીજા બાળકોને માફ કરવામાં અમને મદદ કરો. આમેન"



શીખવવા તૈયાર કરો પ્રકટીકરણ ૭ :૯-૧૭ ત્યાં આપણે સફેદ ઝભ્ભા પહેરીશું તે વાંચો માં સ્વર્ગ વિષે વાંચો

અહીં દર્શાવેલ ઝભ્ભાનું ચિત્ર દોરો અને બાળકોને તેની નકલ કરવા દો.

- ઝભ્ભો આપણને દર્શાવે છે કે ઈશ્વર આપણને પવિત્રાઈ અને પ્રેમ પહેરાવે છે.
- ઈશ્વર આપણને સફેદ ઝભ્ભા આપશે તે આપણને તેની દૃષ્ટિમાં કેવી રીતે પવિત્ર ચોખ્ખા કર્યા છે તે દર્શાવે છે.
- વાંચો અથવા મોઢે કહો. દાઉદે કેવી રીતે તેના શત્રુ શાઉલને માફ કર્યો. (૧ શમુએલ ૨૪ : ૧-૨૨).
- કોઈ મોટા બાળકે તૈયાર કરેલ આ વાર્તા વાંચી ને અથવા મોટેથી કહો.
- વાર્તા કહ્યા અગાઉ બાળકોને કહો તેઓ ધ્યાનથી સાંભળે અને કેવી રીતે દાઉદ તેના શત્રુઓ સાથે વર્ત્યો તે શોધી કાઢે

બાળકોને **પૂછો :**

- દુષ્ટ રાજા શાઉલ દાઉદને શું કરવા માંગતો હતો ?
- દાઉદે તેના શત્રુ ઉપર વેર લીધું પોતાના શત્રુ શાઉલ રાજાને મારી નાંખવાની દાઉદને કઈ તક મળી ?
- દાઉદે પોતે બળજબરીથી ઈસ્ત્રાએલના રાજા થવા પ્રયત્ન કર્યો ?
- દાઉદે તેની જીંદગી બચાવી પછી રાજા શાઉલે દાઉદ કેવી વ્યક્તિ છે તે વિષે શું કહ્યું ?
- દાઉદને મારી નાંખવાનો પ્રયત્ન કર્યા પછી શાઉલને કેમ ખરાબ લાગ્યું ?

**માત્થી ૫ : ૪૪** નાના બાળકો પાસે મુખપાઠ કરાવો

બીજા બાળકો **ગલાતી ૫ :૨૨ અને ૨૩** યાદ કરે.

**ગીત :** ગીતશાસ્ત્ર ૧૫, કલમ ૧, ૨ અને ૩ દરકે ત્રણ બાળકો યાદ કરી બોલે.

શાઉલને માફી બક્ષતું **નાટક** (૧ શમુએલ ૨૪મો અધ્યાય) **કરો** ભજન સેવા દરમ્યાન કરો ભજવો

- બાળકોના શિક્ષણ સમયમાં તેની તૈયારી થાય
- જો શક્ય હોય તો બે અથવા ત્રણ માણસો સૈનિકનું પાત્ર ભજવવા જોડાય.
- શાઉલે અથવા દાઉદે શું કહ્યું અથવા સૈનિકોએ તે નીચે લખ્યા પ્રમાણે નહિ પણ બાળકો પોતે વિચારે અને કહે. તેઓ જે વિચારે કે શાઉલ અથવા દાઉદે શું કહ્યું તે તેઓના પોતાના શબ્દોમાં જણાવે.
- મોટા બાળકો નાના બાળકોને તૈયારીમાં મદદ કરે.
- નાટક ભજવ્યા બાદ મોટાઓને બાળકો પ્રશ્નો પૂછે.
- મોટા બાળકોને (અથવા માણસોને) આ પાત્રો ભજવવા દો.

**શાઉલ :** ''ઝભ્ભા'' તરીકે ચોરસો અથવા ચાદર ઓઢે.

**દાઉદ :** (મોટા બાળકે ભજવવું) પૂંઠાની અથવા લાકડાની તલવાર અને શાઉલના ઝભ્ભાનો ટુકડો કાપવાના દશ્ય આવે ત્યાં સુધી શાઉલના ઝભ્ભાના રંગનો આ કાપડનો ટૂકડો તમારાં હાથમાં છુપાવી રાખો.

- **શાઉલના સૈનિકો** (નાના બાળકો, પુખ્ત, અથવા મોટા બાળક પણ સૈનિક બની શકે).
- **દાઉદના સૈનિકો** (નાના બાળકો, પુખ્ત અથવા મોટું બાળક તેમની સાથે જોડાઈ શકે).

**નાટક**

**દાઉદ અને તેના સૈનિકો :** શાઉલથી સંતાય. ખંડની એક બાજુ ખુરશીઓ જે ઝાડીઓ દર્શાવે છે તેની પાછળ નીચા નમે.

**શાઉલ** : જે બાજુ દાઉદ સંતાયો છે તે તરફ નહીં જોતાં તમારા સૈનિકોને તેની પાસે દોરો, જોરથી બોલો ''મારા બહાદુર સૈનિકો સાંભળો ! હું દાઉદને ધિક્કારૂં છું. લોકો તેને મારા કરતાં વધારે માન આપે છે ! પણ હું રાજા છું. હું શાઉલ રાજા છું જાઓ દાઉદને શોધીને મારી નાંખો ! હમણાં જ મારી નાંખો !''

**શાઉલના સૈનિકો:** શાઉલ રાજાને સલામ કરે છે. મોટેથી બોલે છે ''હા, સાહેબ, હા મહારાજ ! અમે તેને મારી નાંખીશું ! આપણે આ બાજુ જવું જોઈએ તેમ હું ધારૂ છું આવો ! '' (દાઉદ પાસેથી કયુ કરતાં તેના સૈનિકો સાથે જાય છે. દાઉદને આજુ-બાજુ શોધે છે. શાઉલ જયાં છે ત્યાં જ રહે છે.)

**શાઉલ** : ઝભ્ભો કાઢી બાજુ પર મુકે. ચહેરો ઝભ્ભાની સામે આવે તે રીતે આંખો બંધ કરીને બેસો. જાણે ઊંઘી ગયા હોય તે રીતે માથું નીચે ઢળતું રાખો.

**દાઉદના સૈનિકો** : ''દાઉદ, જૂઓ ! તમારો શત્રુ શાઉલ રાજા આરામ કરે છે ! જાઓ અને તેને મારી નાંખો !''

**દાઉદ** : શાઉલની પાછળ ઝડપથી જાય.(હાથમાં તલવાર રાખે)

**દાઉદના સૈનિકો** : ''જલ્દી મારી નાંખો ! આ તમારો શત્રુ છે !''

**દાઉદ** : ''ના, હું તેને મારી નાંખીશ નહીં. તે ઈસ્ત્રાએલનો ઈશ્વરનો અભિષિકત રાજા છે''

**દાઉદના સૈનિકો** : ''હમણાં જ તેને મારી નાંખો ! હમણાં જ તમને તક છે, મારી નાંખો !''

**દાઉદ** : શાઉલના ઝભ્ભાંમાંથી ટૂકડો કાપવાનો ઢોંગ કરે છે. ટૂકડો હાથમાં પકડી પોતાના સૈનિકો તરફ પાછો જાય તમારા શત્રુ તરફ જાઓ પછી મોટેથી શાઉલ બૂમ પાડે છે. ''મારા રાજા! જુઓ, મારા હાથમાં તમારા ઝભ્ભાનો કટકો છે. તેને મેં કાપ્યો છે. પણ મેં તમને મારી નાંખ્યા નથી. હું ખોટું કરનાર દોષી અથવા તો વિશ્વાસઘાતી નથી ! તમે મારો શિકાર કરી મારી નાંખવા ચાહ્યું પણ મેં તમને દોષિત ઠરાવ્યાં નથી.''

**શાઉલ** : દાઉદ મારા દીકરા શું તું છે ? ઓ! હું દિલગીર છું.

(આંખમાંના આંસુ લુછી નાંખો) તું મારા કરતાં વધારે ન્યાયી છે તેં મારી સાથે સારો વ્યવ્હાર કર્યો પરંતુ મેં તારી સાથે ખરાબ વર્તન કર્યું. ઈશ્વરે મને તારા હાથમાં સોંપ્યો છતાં પણ તેં મને મારી નાંખ્યો નહીં. હવે હું જાણું છે કે તું ચોક્કસ ઈસ્ત્રાએલનો રાજા થઈશ.

(બીજાઓને માફી બક્ષતું ગીત મોટા બાળકો બોલે)